જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૧૦/૨૦૨૨ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૬૭/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૮ | ૦ | ૧૪૮ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૧ | ૦ | ૧૦૦૭૦૧ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૯ | ૨,૨૦,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**

**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૮/૨૦૨૨**

સરખેજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૮૨૧૨૩૦૧/૨૦૨૧ ઇપીકો કલમ ૩૮૬, ૩૬૫, ૧૪૩, ૧૪૪, ૧૪૯, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબના ગુનાના કામે **આરોપી નંબર-૧ અશોકભાઇ જયંતીભાઇ પટેલ અને આરોપી નંબર-૨ નીલ અશોકભાઇ પટેલ (બંને રહે.૭૧/૨, એવરગ્રીન સોસાયટી, કબીર એક્લ્વ ની ગલીમાં, બોપલ ઘુમા રોડ, ઘુમા, અમદાવાદ) તેમજ આરોપી નંબર-૯ જીતુ ઉર્ફે ટકો સ/ઓ નાથાલાલ જુંગી (રહે.કેશવ નિવાસ, શહીદ ચોક, ખારવાડ, પોરબંદર) ત્રણેય** નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી એચ.જે.વસાવડા સાહેબ, બીજા એડી.જ્યુડી.મેજી.ફ.ક.કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદનાઓ સમક્ષ તા.૧૭/૦૯/૨૦૨૨ થી દિન-૪૫ સુધીમાં હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૦૧ લીટર દેશી દારૂ, ૧૩૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૬ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૩૪ બીયરટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૨ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા મુજબ ૦૨ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૫૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૭૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ગાડીનો કાચ તોડી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૭૧/૨૦૨૨**

**રામોલઃ** હાર્દીકભાઇ ઈન્દ્રવદનભાઇ બારોટ (ઉ.વ.૩૨)(રહે.વહીવંચા બારોડવાસ, સુર્ય નારાયણ મંદીર પાસે, તા.જિ.ખેરાલુગામ જિ.મહેસાણા હાલ રહે.નવચેતનપાર્ક સોસાયટી તારા વિધ્યા મંદીરની બાજુમાં ભાઠેના ઉધના સુરત) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૧૦/૨૦૨૨ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે વસ્ત્રાલ રીંગ રોડ ઉપર આવેલ વેદ આર્કેટ મોલની સામે રોડ ઉપર પાર્ક કરેલ પોતાની ફોર વ્હીલ ગાડી નંબર જીજે-૦૨-સીપી-૧૧૯૪ નો ખાલી સાઈડની પાછળના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ ગાડીમાંથી દરદાગીના કિંમત રૂપિયા ૧,૭૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪,૦૦૦/- તેમજ અગત્યના દસ્તાવેજો મુકેલ પર્સની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્ર દાજીરાવ ચલાવે છે.

**ગાયે અડફેટે લેતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૭૨/૨૦૨૨**

**કૃષ્ણનગરઃ** ભાવિનભાઇ બકુલભાઈ પટેલ (ઉ.વ.૩૯)(રહે.મુનલાઇટ સોસાયટી, મેવાડા ગ્રીન પાર્ટી પ્લોટ પાસે, નવા નરોડા) તા.૨૯/૦૯/૨૦૨૨ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે મનોહરવિલા ચાર રસ્તા થી પોતાનુ મોટર સાયકલ લઇ પસાર થઇ રહ્યા હતા ત્યારે અચાનક ગાયે તેમને અડફેટે લેતા પડી જતાં શરીરે ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન તા.૦૧/૧૦/૨૦૨૨ રાતના ૧૨/૦૦ વાગે ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૭૩/૨૦૨૨**

**નિકોલઃ** વંસતબહેન વા/ઓ કનુભાઇ પટેલ (ઉ.વ.૬૦)(રહે.ધુળાભાઇ ના ખાંચાની અંદર વડવાળી ચાલી સિંગરવા તા.દસ્કોઇ જી.અમદાવાદ શહેર) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૦/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે એસીડ પી લેતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૧૦/૨૦૨૨ સવારના ૧૧/૪૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઇ.રાવળ ચલાવે છે.

**વટવાઃ** સતેન્દ્ર નથ્થુરામ કોરી (ઉ.વ.૨૨)(રહે.શ્યામાપ્રસાદ મુખર્જીનગર ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૦/૨૦૨૨ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુક સાથે દોરડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.બારી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી